# 10. ડાંગવનો અને...

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

   1) અંકલેશ્વરને મિત્રો મજાકમાં શું કહેતા?

      (A) અંકલ ઈશ્વર

      (B) ઔદ્યોગિક મથક

      (C) ગંદકેશ્વર

      (D) દુર્ગંધેશ્વર

   2) કોના કારણે સાગનાં ઝાડ શણગારેલાં લાગે છે?

      (A) લાઇટના કારણે

      (B) આગિયાના કારણે

      (C) બીજાં વૃક્ષોને કારણે

      (D) ફૂલ-ફળથી

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો :

   1) શાના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા?

   - મૃત્યુના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા.

   2) ગિરમાળનો ધોધ કઈ નદી પરથી પડતો હતો?

   - ગિરમાળનો ધોધ ગિરા નદી પરથી નદી પરથી પડતો હતો.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) લેખકની મુસાફરી યાત્રા બની રહેતી, કારણ કે...

- લેખકની મુસાફરી એમને માટે યાત્રા બની રહેતી, કારણ કે દરેક મુસાફરીમાં તેમની બધી વૃત્તિઓ ઠરીઠામ થઈ જતી, ડાહીડમરી બની જતી. તેમને સૌંદર્યના અસ્તિત્વની શ્રેષ્ઠતા અને ભવ્યતા બંનેનો નજીકથી અને બારીક અનુભવ થતો. એમાં તેમનું પોતાનું અસ્તિત્વ ધીમે ધીમે નાનું થઈને સાવ ઓગળી જતું અનુભવાતું.

### 2) લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખાવે છે, કારણ કે...

- લેખક પોતાને ટચૂકડા બુભુક્ષુ માછીમારો સાથે સરખાવે છે, કારણ કે જેમ માછીમારો જાળ નાખીને માછલાંની રાહ જોતાં ઊભા હોય તેમ પોતે પણ એકરૂપ બની ગયેલાં નદી, ધોધ અને તળાવનાં રમ્ય રૂપને જોવા ઊભા છે. આ રૂપ એમના સાહિત્યનું પણ રૂપ બને છે. એનું વર્ણન કરવા માટે તેજસ્વી ગતિએ તેમની ભાષાને પણ જાણે ઊર્જા મળે છે !

## 4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો :

### 1) આહવાની વનસંપદાના મનોહર રૂપનું વર્ણન કરો.

- ‘ડાંગવનો અને...’ નિબંધમાં લેખકે વર્ણવેલી આહવાની વનસંપદા મંત્રમુગ્ધ કરે તેવી છે. એની રંગરમણા અદ્ભૂત છે. સનસેટ પોઇન્ટની ઊંચાઈએથી નીચે માનવવસવાટથી સવારની ઝાંખી કરાવતાં ઘરો રતૂમડાં પર્ણોનાં બનેલા હોય તેવા લાગે છે. એ ઘર સુધી પહોંચવા માટેની ભૂખરી કેડી સાપના આકારની છે. સૂર્ય સાથે હરીફાઈ કરવા મથતા હોય તેવા સાગની અને જમીન પર પથરાયેલા ઘાસની પોતપોતાની લીલાશ છે. એ બંનેનો કેફ સૂર્યપ્રકાશથી ચડિયાતો જણાય છે. નયનરમ્ય અને નયનમનોહર શબ્દોનાં સાચાં અર્થો આના દ્વારા પ્રત્યક્ષ થતાં હોય તેવું લાગે છે. પવનની સાથે ઘૂમરાઈને ઉપર વહી આવતા રંગ-ગંધ-અવાજના ત્રિવિધ રૂપને ઊંડા શ્વાસ દ્વારા આખા અસ્તિત્વમાં અનુભવી શકાય છે. પવનની જાદુઈ લાકડી ફરે ને આ દૃશ્ય-શ્રાવ્ય ચલચિત્ર પરિવર્તન પામતું રહે. થોડા સમય પહેલા પડેલા વરસાદે આ રંગભૂમિના વાતાવરણને જ બદલી નાખ્યું હતું. પ્રત્યક્ષપણે નજરે જોવાથી એના અલગ જ સ્વાદનો અનુભવ થાય છે. વિશ્વની કોઈ પણ સ્પંદનશીલ ચેતનાને સ્પર્શે તેવી આહવાની વનસંપદાની મનોહર દુનિયા છે.